સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોની માન્ય સંખ્યામાં ૨૦૦૦નો સંખ્યા વધારો કરવા અંગેની રૂ.૪.૩૨ કરોડની નવી બાબત (સને ૨૦૨૪-૨૫)

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/3248/A-1

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ નો તા.૧૬/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક:વિજાક/છતલ /ન.બા./૨૦૨૩-૨૪/૪૬.

પ્રસ્તાવના:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા રાજ્યમાં હાલમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ વિચરતી-વિમુકત જાતિ માટેના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો કાર્યરત છે. રાજયમાં હાલમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આ છાત્રાલયોમાં માન્ય સંખ્યા મુજબના છાત્રોને પ્રવેશ આપવામાં આવે છે. આ છાત્રાલયોમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના અતિ પછાત, વિચરતી-વિમુકત જાતિ, જેવી પછાત જાતિઓના બાળકોને પ્રવેશ આપવામાં આવતો હોય છે. કયારેક સંસ્થામાં રહેવાની સગવડ હોવા છતાં, માન્ય સંખ્યા નક્કી થયેલ હોવાના કારણે આવા પછાત જાતિના બાળકો પ્રવેશથી વંચિત રહી જતા હોય છે. જેથી કેટલીક સંસ્થાઓ આવા બાળકોને પ્રવેશ આપવા સારૂ તેમની માન્ય સંખ્યા ઉપરાંત સંખ્યા વધારાની માંગણી પણ કરતા હોય છે. જેને ધ્યાને લઇને નિયામકશ્રી (વિકસતી જાતિ કલ્યાણ) દ્વારા વંચાણે લીધેલ ક્રમ: (૧) ના તા.૧૬/૦૨/૨૦૨૪ના પત્રથી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોની માન્ય સંખ્યામાં ૨૦૦૦નો સંખ્યા વધારો કરવા અંગેની રૂ.૪.૩૨ કરોડની વહીવટી મંજુરીની દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

પુખ્ત વિચારણાના અંતે, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોની માન્ય સંખ્યામાં ૨૦૦૦નો સંખ્યા વધારો કરવા અંગે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૪.૩૨ કરોડને ખર્ચ કરવાની વહીવટી મંજુરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

શરતો :

1. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.
2. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
3. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
4. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.
5. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
6. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
7. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
8. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
9. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
10. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
11. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
12. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
13. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
14. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
15. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
16. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
17. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
18. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
19. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.
20. વર્ષ ૨૦૨૪-૨૫ માં ચાલુ ગ્રાન્ટ ઇન છાત્રાલયોમાં ૨૦૦૦ વિદ્યાર્થીઓનો સંખ્યા વધારો કરવામાં આવશે તેના માટે કોઇ વધારાનું મહેકમ અત્રેથી મંજુર કરવામાં આવશે નહી. તે અંગેની જવાબદારી જે તે સ્વૈચ્છિક સંસ્થાની રહેશે અને તે ખર્ચ સ્વૈચ્છિક સંસ્થાએ પોતે જ ભોગવવાનો રહેશે

21. આ યોજના હેઠળ નિયત થયેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
22. પ્રસ્તુત નવી બાબતનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ બાદ જ કરવાનો રહેશે.

**પ્રસ્તુત નવી બાબતના ખર્ચ અંગેનું બજેટ સદર નીચે મુજબ છે**

| | |
|---|---|
| માગણી નંબર | ૯૨ |
| મુખ્ય સદર | ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ |
| પેટા મુખ્ય સદર | ૦૩ પછાતવર્ગોનુ કલ્યાણ |
| ગૌણ સદર | ૨૭૭શિક્ષણ |
| પેટા સદર | (૧૧) ઓબીસી-૫ છાત્રાલયો અને આશ્રમશાળાઓ માટે સ્વૈચ્છીક સંસ્થાઓને સહાયક અનુદાન |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૪/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-Mar-2024 (03:26 PM)

(કલ્પના રાણા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નિયામકશ્રી,

વિકસતિ જાતિ કલ્યાણ,

ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સા.ન્યા. અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ.